નોબેલ
નની
અપાયું
બેલ
રહ્યું છે,
પશ્ચિમી
છે

વચ્ચે પણ
છે, તેની
તો કાબિલે
સિરિયાને
ાષ્ટ્રીય સ્તરે

બદલે બીજો
ત કરનારા
લ સન્માન
હતા એટલે
એવોર્ડ અને
એ માટે જ
બેલ આપી
યાર બશર
જાક કરતાં
જ શાંતિનું
તો એ મને
બેલ અને
થયો છે કે
ન આપવું
સિરિયાની
ામાં આવી
સ્ત્રીકરણના
ડી છે એટલે

મેરિકા અને
ાનું કાયમ
OPCWને
ના માટેના
લાગે છે કે
. શાંતિના
ામ મલાલા
વિચારતાં
નહોતી જ
મક્કવેગે
ો. ડૉક્ટર
ત્કાર અને
હિલાઓની
હતું. એ
ર કર્મશીલ
સર્વપ્રથમ
વ અધિકાર
ડેયા પાઠ ય
સિરિયામાં
ના નાશનો
બાજી મારી

mail.com

# માતૃભાષાના ડિજિટલ ભગીરથ
# રતિભાઈ ચંદરયા

ગુજરાતી ભાષાને ડિજિટલ દુનિયામાં કંડારવાનું અને વિસ્તારવાનું ભગીરથ કાર્ય કરનાર રતિલાલ ચંદરયાનું ૧૩ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે મુંબઈ ખાતે નિધન થયું. ગુજરાતી લેક્સિકન અને ભગવદ્ગોમંડળના ડિજિટલાઇઝેશન, ડિજિટલ સાર્થ કોશ, સ્પેલચેકર, ગુજરાતી લોકકોશ, બાળકો માટેની રમતો અને ક્વિઝ મોબાઇલ એપ્લિકેશન જેવા વિશિષ્ટ પ્રોજેક્ટ પાછળ આ માતૃભાષા પ્રેમીએ અનેક વર્ષો ખર્ચ્યા હતા.

■ રતિભાઈના પિતા પ્રેમચંદભાઈ ૧૯૧૬માં વહાણવટું ખેડીને વેપાર અર્થે નૈરોબી દેશમાં ઉપડ્યા હતા. ત્યાં થોડોક

## બાયોગ્રાફી
હસમુખ ગજ્જર

સમય નોકરી કરીને છએક મહિનામાં જ પોતાનો છૂટક વ્યાપાર શરૂ કર્યો હતો. નૈરોબીમાં થોડાક પગભર થતાં જ પત્ની અને બાળકો તથા ભાઈ ભાંડુઓને પણ બોલાવી લીધાં હતાં. રતિલાલનો જન્મ ૨૪ ઑક્ટોબર, ૧૯૨૨ના રોજ નૈરોબી ખાતે થયો હતો. એટલું જ નહીં રતિલાલનું શાળાકીય શિક્ષણ પણ નૈરોબી અને મોમ્બાસાની શાળાઓમાં પૂર્ણ થયું હતું અને ત્યાંની શાળામાં ગૌણ વિષય તરીકે ગુજરાતી ભણ્યા હતા.

■ ૧૯૪૦માં રતિલાલે સિનિયર કેમ્બ્રિજમાં પ્રવેશ મેળવ્યો ત્યારે જ વિશ્વયુદ્ધ ફાટી નીકળતા અભ્યાસ પડતો મૂકીને પરિવાર સાથે ભારત પાછા ફર્યા હતા. પછી વિજયાલક્ષ્મી સાથે લગ્ન કરેલા.ગાંધીજીના વિચારોથી પ્રભાવિત રતિભાઈએ ભાવિ પત્નીને ખાદીની સાડી ભેટ આપેલી.

■ એ જ ગાળામાં ગુજરાતી ટાઇપ માટે જૂનું રેમિંગ્ટન ટાઇપરાઇટર ખરીદ્યું અને શીખવાના પ્રયાસ કર્યા હતા.

■ બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં ૧૯૪૬માં તેઓ પરિવાર સાથે નૈરોબી પાછા ફર્યા અને પોતાનો મૂળ વ્યવસાય સંભાળી લીધો. વેપારે એવી ગતિ પકડી કે આફ્રિકા, યુરોપ, અમેરિકા અને દક્ષિણ પૂર્વ એશિયા સુધી વિસ્તર્યો હતો.


■ રતિભાઈના મનમાં વેપાર-ધંધા ઉપરાંત બીજુ કશુંક પણ ચાલતું હતું. તેઓ ગુજરાતી ભાષા કેવી રીતે સરળતાથી લખી શકાય તેનો વિચાર કરતા હતા. ટેક્નોલોજી ખૂબ જ ઝડપથી બદલાઈ રહી હતી. ઈલેક્ટ્રિક ટાઈપરાઈટર અને કમ્પ્યુટરનો જમાનો આવ્યો, જેમાં રતિભાઈએ ગુજરાતી ભાષાને વિસ્તારે તેવા ફોન્ટની શોધ આદરી. આ માટે દેવનાગરી માટે તાતા કંપનીએ દેવનાગરી ફોન્ટ વિકસાવ્યા હોવાનું તેમણે જાણ્યું, પરંતુ તેનાથી દળદળ ફીટ્યું નહીં. એક વાર તેમનો ભત્રીજો રાજ અમેરિકામાં ભણીને લંડન આવ્યો ત્યારે એપલનું કમ્પ્યુટર બતાવ્યું પરંતુ બધો જ વ્યવહાર અંગ્રેજી ભાષાથી ચાલતો હતો. આથી ફરી રતિભાઈને ગુજરાતી ફોન્ટ વિકસાવવાની તલબ જાગી હતી. ૨૫ વર્ષના ભગીરથ પ્રયત્નોના પરિણામે ગુજરાતી ભાષા કમ્પ્યુટરની ક્લિક પર રમતી થઈ.

■ ગુજરાતી ભાષામાં જોડણીની સમસ્યા ઊભી થતા અંગ્રેજીમાં સ્પેલ ચેક હોય છે એવું ગુજરાતી સ્પેલ ચેકર પણ મહામહેનતે શોધ્યું હતું.

■ ૨૦૦૬માં ગુજરાતની સૌ પ્રથમ ડિજિટલ ડિક્શનરી ગુજરાતી લેક્સિકન ડોટ.કોમ વેબસાઇટ ખુલ્લી મુકાઈ હતી. જેમાં પોણા ત્રણ લાખ કરતાં પણ વધુ શબ્દોના અર્થ સમાવવામાં આવ્યા હતા.

■ ચંદરયા ફાઉન્ડેશન તેમની વેબસાઇટ પર વિનામૂલ્યે લેક્સિકન ડિક્શનરી ડાઉનલોડ કરવાની સુવિધા આપે છે. અત્યાર સુધી ૪૦ લાખથી પણ વધુ લોકોએ વેબસાઈટની મુલાકાત લીધી છે.■

hasmukh108@gmail.com



**નામ :** રતિભાઈ પ્રેમચંદભાઈ ચંદરયા
**જન્મ :** ૨૪ ઓક્ટોબર,૧૯૨૨
**ઓળખ :** ગુજરાતી ભાષાની સર્વપ્રથમ ડિજિટલ ડિક્શનરીના સ્વપ્નદ્રષ્ટા

તે કેમ નહીં

મનોવૃત્તિ

પવિત્ર માનવામાં આવે છે, પરંતુ દાવરી અહીં